આકાશવાણી, અમદાવાદ

27-05-2025 Midday: 2.30 to 2.35 pm

Tuesday Regional News

## PM MODI GANDHINAGAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, 'તાજેતરના ઘટનાક્રમથી સાબિત થઈ ગયું છે કે, ભારત વિરુદ્ધ પાકિસ્તાનનું યુદ્ધ ખરેખર આયોજનબદ્ધ વ્યૂહરચના છે.' ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'વીસ વર્ષ શહેરી વિકાસના' ઉજવણી કાર્યક્રમને સંબોધતા આજે શ્રી મોદીએ કહ્યું, છ મે-ની ઘટના બાદ ભારતે આતંકી પ્રવૃત્તિઓના પૂરાવા આપવાની જરૂર નથી. શ્રી મોદીએ કહ્યું, ભારતીય સેનાએ પાકિસ્તાનને ત્રણ વખત યુદ્ધમાં હરાવ્યું છે.

શ્રી મોદીએ પોતાના સંબોધનમાં સિંધુ જળ સંધિનો પણ ઉલ્લેખ કર્યો.

દરમિયાન શ્રી મોદીએ આગામી સમયમાં થનારા શહેરી વિકાસની વ્યૂહરચના યુવા પેઢી માટે મહત્વની બની રહેશે તેમ ઉમેર્યું.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નગર સુખાકારી માટે નવા માપદંડ પ્રસ્થાપિત કરવા બદલ પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, સરકારે આ વર્ષે 30 હજાર કરોડ રૂપિયાથી વધુનું બજેટ શહેરી વિકાસ માટે ફાળવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, શ્રી મોદીએ આજે ગાંધીનગરમાં અંદાજે પાંચ હજાર 536 કરોડ રૂપિયાથી વધુની વિકાસ યોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું. આ પરિયોજનાઓમાં શહેરી વિકાસ, માળખાકીય સુવિધા, જળ સંસાધન વ્યવસ્થા, આરોગ્ય સેવા અને મહેસુલી સેવાઓ સહિત અનેક મહત્વની પરિયોજનાઓનો સમાવેશ થાય છે.

## GANDHINAGAR SINDOOR YATRA

'ઑપરેશન સિંદૂર'ની સફળતા બાદ પહેલી વાર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી રાજ્યના પ્રવાસે આવ્યા હતા. ત્યારે ગાંધીનગરમાં આજે શ્રી મોદીના સ્વાગત સન્માનમાં અભિલેખાગારથી મહાત્મા મંદિર સુધી દોઢથી બે કિલોમીટરની 'સિંદૂર સન્માન યાત્રા' યોજાઈ ગઈ, જેમાં હજારો મહિલાઓએ ઑપરેશન સિંદૂર બદલ પ્રધાનમંત્રીનું સ્વાગત અભિવાદન કરી તેમને આવકાર્યા હતા.

ગાંધીનગરથી યોજાયેલી આ સન્માન યાત્રામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ પણ જોડાયા હતા. ગાંધીનગરના લોકોએ પણ પુષ્પવર્ષા કરી પ્રધાનમંત્રીને આવકાર્યા. દરમિયાન શ્રી મોદીએ જનમેદનીનું અભિવાદન ઝિલ્યું હતું.

## MEHSANA CIVIL OXYGEN PLANT

કોરોનાને પહોંચી વળવા મહેસાણા જિલ્લાની સિવિલ હૉસ્પિટલમાં ઑક્સિજન પ્લાન્ટ, 70 વૅન્ટિલેટર યંત્ર, ત્રણ ઍમ્બુલૅન્સ વાન, દવાઓ સિવાય 60 જેટલી પથારીની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.
જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉક્ટર ભરત સોલંકીએ કોરોનાથી બચવા ભીડવાળી જગ્યાએ જવાનું ટાળવા, સૅનિટાઈઝરથી હાથ સ્વચ્છ કરવા અને કોરોનાથી ન ગભરાવવા જણાવ્યું છે.

## PANCHMAHAL ACCIDENT

પંચમહાલ જિલ્લામાં બે બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા એક વ્યક્તિનું મોત થયાના અહેવાલ છે. અમારા પ્રતિનિધિ વિપુલ પૂરોહિત જણાવે છે, ઘોઘમ્બા તાલુકાના સાજોરા ગામની ચોકડી પર ગત મોડી રાત્રે ખાનપાટલા ગામથી પ્રસંગમાંથી એક પરિવાર બાઈક પર આવી રહ્યો હતો.
દરમિયાન અન્ય બાઈક સાથેની ટક્કરમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા બાઈકચાલકને SSG હૉસ્પિટલ ખસેડાયા હતા. સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું છે. આ મામલે દામાવવ પોલીસે અન્ય બાઈકચાલક સામે અકસ્માતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## RAIN DISTRICT-1

રાજ્યમાં આજે અનેક જિલ્લામાં કમોસમી વરસાદ વરસ્યો હતો.
ભરૂચ જિલ્લામાં આજે વાવાઝોડા સાથે ચાર તાલુકામાં વરસાદ નોંધાયો. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે, સરેરાશ 26 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાતા અનેક જગ્યાએ વીજ પૂરવઠો ખોરવાયો હતો. દરમિયાન કોઈ જગ્યાએ નુકસાનીના કોઈ અહેવાલ નથી.
ભાવનગરના અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે, શહેર અને જિલ્લામાં આજે સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યું. દરમિયાન મહુવા અને તળાજા તાલુકામાં સવારે વરસાદ વરસ્યો.
દીવનાં અમારાં પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે, દીવમાં વરસાદ થતાં નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા હતા. દીવ નગરપાલિકા દ્વારા લોકોના ઘરમાંથી પાણી કાઢવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. દરમિયાન દીવનો દરિયો પણ તોફાની બન્યો હોવાના અહેવાલ છે.
મહેસાણાના અમારા પ્રતિનિધિ જયંતી ચૌધરી જણાવે છે, જિલ્લામાં વાવાઝોડાના કારણે અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થયા. જ્યારે કડી ખાતે હૉર્ડિંગ્સ પડી જતાં એક પશુનું મોત થયું છે. જ્યારે ઊંઝામાં રસ્તા પરથી પસાર થતાં એક યુવક પર હૉર્ડિંગ્સ પડતાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી. તેમજ વડનગરના ઉંડણી ગામ ખાતે દીવાલની ઈંટો પડતાં એક બાળક પણ ઈજાગ્રસ્ત થયા છે.

નવસારી જિલ્લામાં ગઈકાલે રાત્રે 11 વાગ્યાથી ભારે વાતાવરણમાં પલટો જોવા મળ્યો. અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે, રાત્રે 10થી 12 વાગ્યા સુધી નવસારી, જલાલપોર, ગણદેવી, ચીખલી, વાંસદા અને ખેરગામ તાલુકામાં સામાન્ય વરસાદ નોંધાયો.